દસ દિવસમાં ગુજરાતને નવા સીએમ : હાર્દિક પટેલ

હાર્દિક પટેલ જુઠ્ઠાણુ ફેલાવી રહ્યો છે : મુખ્યમંત્રી રૂપાણીએ પ્રતિક્રિયા આપી : નીતિન પટેલે મુખ્યમંત્રીનો કરેલો બચાવ

અમદાવાદ,તા.૧૪

પાસના કન્વીનર અને પાટીદાર નેતા હાર્દિક પટેલના એક વિવાદીત નિવેદનને લઈ રાજયભરમાં ફરી એકવાર ખળભળાટ મચી ગયો છે. આજે રાજકોટ આવેલા હાર્દિક પટેલે દાવો કર્યો હતો કે, સીએમ રૂપાણીનું રાજીનામું લઈ લેવાયું છે, આગામી ૧૦ દિવસમાં નવા સીએમ તરીકે પાટીદાર કે ક્ષત્રિય સમાજમાંથી બનશે. તો બીજી તરફ આ સમગ્ર મામલા અંગે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પ્રતિક્રિયા આપતાં જણાવ્યું કે, આ અંગે મને કંઈ ખબર નથી. રાજીનામું કેબિનેટમાં નહીં રાજ ભવનમાં આપવાનું હોય છે. હાર્દિક જુઠ્ઠાણું ફેલાવી રહ્યો છે. રાજીનામું આપ્યું નથી અને આપવાનો પણ નથી. બીજીબાજુ, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ પણ રૂપાણીના બચાવમાં ઉતરી આવ્યા હતા અને જણાવ્યું કે, કેટલાક લોકો અફવા ફેલાવી રહ્યા છે, જય-વીરુની જોડી અકબંધ રહેશે. પાસના નેતા હાર્દિક પટેલે વધુમાં જણાવ્યું હતું કે, ગઈકાલે કેબિનેટની બેઠક મળી હતી ત્યારે મુખ્યમંત્રી વિજય રૂપાણીનું રાજીનામું લઈ લેવાયું છે. તેમનું રાજીનામું આગામી દિવસોમાં મંજૂર કરવામાં આવશે. આગામી સીએમ તરીકેનો ચહેરો ક્ષત્રિય અથવા પાટીદાર હશે. પ્રદિપસિંહ જાડેજા અને ભીખુભાઈ દલસાણીયાના નામ હાર્દિકે સીએમના દાવેદાર માટે લીધા હતા. ભાજપે આ અંગે ક્યારની તજવીજ હાથ ધરી દીધી છે. વિજયભાઈ રૂપાણી ગુજરાતના સીએમ બન્યા છે ત્યારથી કાનૂની વ્યવસ્થાથી લઈ રાજયની વ્યવસ્થા, શિક્ષણની વ્યવસ્થા ન સંભાળી શકવાના કારણો છે. આગામી લોકસભામાં જો વિજયભાઈ જ સીએમ હશે તો ગુજરાતમાં લોકસભાની અમુક બેઠકો ગુમાવવાનો વારો આવશે અને તેથી હાઈકમાન્ડે સીએમ બદલાવવાનો નિર્ણય કર્યો છે તેવો હાર્દિકે કટાક્ષ કર્યો હતો. તમારી વાત અફવા છે તેવી રૂપાણીની પ્રતિક્રિયાને લઈ પૂછાયેલા પ્રશ્નના જવાબમાં હાર્દિકે જણાવ્યું કે, જો મારી વાત અફવા હોય તો શું કામ મીડિયા ચલાવે છે, સમય આવ્યે બધું ખબર પડી જશે. મારો દાવો છે કે, ક્ષત્રિય કે પાટીદારને મુખ્યમંત્રી બનાવવાની ભાજપને ઈચ્છા છે. વિધાનસભાની ચૂંટણી વખતે રાજકોટમાં હાર્દિકે મહાક્રાંતિ સભા યોજી હતી. જો કે તે મેદાનમાં પટેલ સમાજનું સંમેલન કરવાની મંજૂરી હતી અને તેના બદલે સભા યોજી હતી તેને લઈ માલવિયા નગર પોલીસસ્ટેશને ગુનો નોંધ્યો હતો. આ ગુનાને લઈ આજે હાર્દિક રાજકોટ આવ્યો હતો અને જવાબ રજૂ કર્યો હતો. માલવિયાનગર પોલીસ સ્ટેશન બહાર હાર્દિકની સાથે મોટી સંખ્યામાં પાસના કાર્યકરો ઉમટી પડ્યા હતા. આ વખતે હાર્દિકે ઉમેર્યું કે, જે તે સમયે અમે સભા માટે મંજૂરી લીધી જ હતી છતાં પણ ખોટી રીતે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ભાજપના શાસનમાં રાજયના ખેડૂતોની હાલત ખરાબ છે તેમને પોષણક્ષમ ભાવ તથા પાકવીમાના મુદ્દે ઘણીબધી તકલીફો હોવાથી તેઓ આંદોલન કરી રહ્યા છે. પાસના કન્વીનર અને પાટીદાર અનામત આંદોલનના પ્રણેતા હાર્દિક પટેલ આજે સૌરાષ્ટ્રના પ્રવાસે છે.

આજે બપોરે હાર્દિક પટેલે રાજકોટ માલવીયાનગર પોલીસ સ્ટેશનમાં હાજરી આપી હતી. બાદમાં વંથલીમાં ખેડૂત સભા સંબોધવા નીકળી ગયો હતો. ત્યાંથી નયન કલોલા પર ખનીજ માફીયાઓએ હુમલો કરતા જૂનાગઢ ઝાંઝરડા ચોકડી પાસે હોસ્પિટલ જઈ તેની ખબર અંતર પૂછશે અને વંથલી ખેડૂતો સાથે સભા કરશે.

લાંબડીયામાં મુખ્યમંત્રીના કાર્યક્રમમાં ડોમની પાઈપ નીકળી જતા દોડધામ

પોશીના, તા. ૧૪

પોશીના તાલુકાના લાંબીડીયા પારસ વિદ્યાલયમાં ગુરૂવારે રાજ્યના મુખ્ય પ્રધાન વિજય રૂપાણીએ રાજ્યમાં પ્રવેશોત્સવનો પ્રારંભ દરમિયાન ઉપસ્થિત સ્કૂલના વિદ્યાર્થીઓ ઉપર બાંધેલ લોખંડના અધિકારીઓની ઉપસ્થિતિમાં પ્રવેશોત્સવ અને લોકાર્પણના કાર્યક્રમ યોજાયા હતા. જે મુજબ મુખ્યમંત્રી ૧૦ વાગ્યાના સુમારે સભા મંડપમાં આવી પહોંચ્યા બાદ કેટલાક વિકાસ કામોની તક્તીનું લોકાર્પણ કર્યા પછી પ્રવચન આપવાની તૈયારી કરી રહ્યા હતા.

પાઈપનો મંડપમાં અચાનક લોખંડનો પાઈપ છુટો પડી ગયો હતો જે મંડપના કાપડમાં ભરાઈ જતા લટકી રહ્યો હતો જેને લઈને તાત્કાલિક અધિકારીઓએ બેઠેલા વિદ્યાર્થીઓને હટાવી લઈ તાત્કાલિક કામગીરી હાથ ધરી ફરી પાઈપ ફીટ કરી હતી. જો કે દુર્ઘટના ટળી ગઈ હતી.

આ અંગેની વિગત એવી છે કે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણીના ૧૬મા અભિયાનનો સમગ્ર ગુજરાતમાં પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે તે અંતર્ગત મુખ્યમંત્રી વિજય રૂપાણી તથા

દરમ્યાન પ્રેક્ષકો અને મંડપની વચ્ચે ઉભા કરાયેલા સભા મંડપ નજીકના ડોમની એક આડી પાઈપ અચાનક નિકળી જતા તે તરત જ લટકી પડતાની સાથે જ અધિકારીઓની નજર પડતા દોડધામ મચી જવા પામી હતી. અને તરત જ મંડપના કારીગરોને ચાલુ કાર્યક્રમ દરમ્યાન થાંભલા પર ચઢાવી પાઈપનું સમારકામ કરી દેવામાં આવ્યુ હતુ. જો કે ગુરૂવારે આખો દિવસ ફુંકાઈ રહેલા ભારે પવનને કારણે આ પાઈપ નિકળી ગઈ હોવાનો ઉપસ્થિત અધિકારીઓએ બચાવ કરતાં જણાવ્યું હતું.

મહેસાણા જિલ્લ્લાનો જોટાણા અને સાંથલ ખાતે વિભાવરીબહેન દવેએ બાળકોનું નામાંકન કરાવ્યુ

મહેસાણા, તા. ૧૪

મહેસાણા જિલ્લાના પ્રભારી મંત્રી અને મહિલા બાળ કલ્યાણ મંત્રી વિભાવરીબહેન દવે જણાવ્યું

હતું કે ભુતકાળમાં શિક્ષણ પ્રત્યે દુર્લક્ષ સેવાતું હતું. છેલ્લા વર્ષોમાં દરેક સમાજને શિક્ષણ મળે તે માટે સરકાર દ્વારા આ મહાઅભિયાનની શરૂઆત કરી છે. ભારતના વડાપ્રધાને શિક્ષણમાં સુધારા સાથે ગુણાત્મક પરિણામ લાવવા શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી રથયાત્રાની શરૂઆત કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે આ જ્ઞાન યુગમાં શિક્ષણ વિના ઉદ્ધાર નથી.

રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી વિભાવરીબહેન દવેએ જણાવ્યું હતું કે રાજ્યમાં લાખો વિધાર્થીઓ શિક્ષણના વિવિધ ક્ષેત્રોમાં અભ્યાસ કરી રહ્યા છે. જેનો મોટા ભાગનો ખર્ચ સરકારશ્રી દ્વારા કરવામાં આવે છે. સરકાર દ્વારા મધ્યાહન ભોજન, વિધાલક્ષ્મી, વિધાદીપ, મફત પાઠ્ય પુસ્તકો, શિષ્યવૃતિ, શિક્ષણ સહાય જેવી અનેક સમાજલક્ષી યોજનાઓ થકી શિક્ષણનો વિકાસ થયો છે.

મંત્રીએ ઉમેર્યું હતું કે શિક્ષણના મહાયજ્ઞમાં તમામ લોકો જોડાય તે જરૂરી છે. શિક્ષણ થકી રાજ્યમાં જાગૃતિ આવી છે. રાજ્ય સરકાર શિક્ષણ, આરોગ્ય સહિત વિવિધ યોજનાઓ થકી નિરાધારોનો આધાર બની રહી છે. વર્તમાન ગુજરાત સરકારે આ કાર્યક્રમને વધુ પરિણામલક્ષી બનાવવા કમર કસી રાજ્યનું એક પણ બાળક શાળાએ ગયા વિનાનું ન રહે અને શિક્ષણ મેળવવાથી વંચિત ન રહે તેવી વ્યવસ્થા શાળા પ્રવેશોત્સવથી સુનિશ્ચિત કરી છે. રાજ્ય સરકાર પ્રતિવર્ષ શિક્ષણના પાછળ રૂા. ૨૭ હજાર કરોડ જેટલો માતબર ખર્ચ કરે છે. બાળકોને મફત શિક્ષણ-ગણવેશ-પુસ્તકો અપાય છે તેની પાછળ બાળકો શિક્ષણ મેળવે તેવો ધ્યેય છે.

પ્રભારી મંત્રીએ બાળકોના શિક્ષણ પ્રત્યે વાલીઓએ પણ રસ દાખવવાનો ઉલ્લેખ કરી જણાવ્યું હતું કે પોતાનું બાળક શાળાએ જાય છે કે નહી, ભણે છે કે નહી, તેમાં રસ-રૂચિ વાલી દાખવે તો બાળકોમાં ઉત્સાહ અને આત્મવિશ્વાસ વધશે અને તો જ એક સુશિક્ષિત સમાજનું નિર્માણ થશે.

ભિલોડાના વણઝર ગામના ખેડુતને ખેતરમાં સાપ કરડતાં મોત નિપજ્યું

ભિલોડા,તા.૧૪

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના વણઝર ગામના ખેડુતને ખેતરમાં ખેતીના કામકાજ દરમ્યાન સાપ કરડતાં સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું. ખેડુતના પરીવારજનો,સગાં-સબંધીઓ હૈયાફ રૂદન કરતા હતા. વણઝર ગ્રૂપ ગ્રામ પંચાયત સરપંચ મનુભાઈ પટેલના જણાવ્યા મુજબ સીમ વિસ્તારમાં ખેતીલાયક જમીન ધરાવતા ખેડુત ખેતરમાં ખેતીનું કામકાજ કરી રહ્યા હતા. ખેડુત પશુઓ માટે ખેતરમાં ઘાસ વાઢતા હતા.

પાટનગરની મેડીકલ કોલેજમાં સોલાર પેનલ ફીટ કરાઈ

ગાંધીનગર, તા. ૧૪

પાટનગરની મેડીકલ કોલેજની છત પર સોલાર પેનલ તંત્ર દ્વારા ફીટ કરવામાં આવી છે. ૧૩૦ કિલો મેગાવોટ વિજ ઉત્પાદન કરી શકે તેવી મોટી પ્લેટો ફીટ કરાઈ છે. ત્યારે ટુંક સમયમાં સોલાર સિસ્ટમ કાર્યરત થતા મેડીકલ કોલેજને સોલાર સિસ્ટમ દ્વારા ઉત્પન થતી લાઈટ મળતા વિજબિલમાં ચોક્કસ ફાયદો થશે.

રાજય સરકાર દ્વારા સોલાર સિસ્ટમ પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવે છે. હાલના સમયે ગ્રામીણ વિસ્તારમાં ખેતરોમાં રહેતા પરિવારો સોલાર સિસ્ટમથી ઘરમાં લાઈટ સહિત વિવિધ ઉપકરણો કાર્યરત કરવામાં આવે છે. સરકાર દ્વારા સોલાર પેનલ ફીટ કરનાર વ્યકિતને જરુરી સહાય પણ મળે છે. કેટલાક ગામડાઓમાં તો ખેતરમાં સોલાર સિસ્ટમ લગાવતા રાત્રીના સમયે પણ ખેતર લાઈટથી ઝળહળી ઉઠે છે. વિજળીનો જબરદસ્ત વપરાશ અને વેડફાટ થઈ રહ્યો છે. આગામી સમયમાં વિજ બચત કરવી પડે તેવી સ્થિતિ આવે તો પણ નવાઈ નહી. ત્યારે તંત્ર દ્વારા શહેરી અને ગ્રામીણ વિસ્તારના નાગરીકોને પોતાના ઘર પર સોલાર સિસ્ટમ ફીટ કરવા માટે તેમજ તેનાથી થતી વિજ બચત અંગે માર્ગદર્શન આપવામાં આવે છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં તંત્ર દ્વારા એ થી ડી સુધીના બ્લોક પર સોલાર પેનલ ફીટ કરવામાં આવી છે. આ સોલાર પેનલ ૧૦૦ કિલો મેગાવોટની છે. સોલાર પેનલથી વિજ ઉત્પાદન થતા સિવિલમાં વિજ વપરાશમાં ફાયદારુપ થાય છે. તો બીજી તરફ સોલાર પેનલની જાળવણી પાંચ વર્ષ સુધી સોલાર ફીટ કરનાર કંપની કરે છે. ત્યારે સિવિલમાં પાંચ વર્ષ કરતા પણ વધુ સમયથી સોલાર સિસ્ટમ કાર્યરત અને ઉપયોગી નિવડતા મેડીકલ કોલેજની છત ઉપર પણ તંત્ર દ્વારા ૧૩૦ કિલોવોટ વિજ ઉત્પાદન કરી શકે તેવી સોલાર સિસ્ટમ ફીટ કરવામાં આવી છે. તંત્ર દ્વારા તેની જાળવણી અને નિભાવણી કરવાની હોય છે. સોલાર પેનલની પ્લેટ જેટલી સાફ તેટલી વધુ ઉર્જા ઉત્પન્ન થઈ શકે છે. આ સોલાર સિસ્ટમ કાર્યરત થાય તો મેડીકલ કોલેજના લાઈટ બિલમાં ફાયદારુપ બની શકે છે.

અમદાવાદના મેયરપદે બીજલબહેન પટેલ

અમૂલ ભટ્ટ સ્ટેન્ડિંગ ચેરમેન નિમાયા : ડેપ્યુટી મેયરપદે દિનેશ મકવાણા : શાસક પક્ષના નેતા તરીકે અમિત શાહ

અમદાવાદ,તા.૧૪

ગુજરાતની આર્થિક રાજધાની ગણાતાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સળંગ ૪૧માં મેયર અને પાંચમાં મહિલા મેયર

બનવાનું ગૌરવ પાલડી વોર્ડનાં કોર્પોરેટર બીજલબહેન પટેલને પ્રાપ્ત થયું છે.

આજે સવારે ૧૧ વાગ્યે મળેલી સામાન્ય સભામાં વિદાય લેતા મેયર ગૌતમ શાહે નવાં મેયર બીજલબહેન પટેલને મેયરને સ્થાને ભારે હર્ષોલ્લાસ સાથે સત્તારૂઢ કર્યાં હતાં. જ્યારે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પદે મણિનગર વોર્ડના કોર્પોરેટર અમૂલ ભટ્ટ, ડેપ્યુટી મેયર પદે સૈજપુર બોઘાના કોર્પોરેટર દિનેશ મકવાણા, શાસકપક્ષના નેતા પદે વાસણા વોર્ડના કોર્પોરેટર અમિત શાહ અને શાસક પક્ષના દંડક પદે વેજલપુર વોર્ડના કોર્પોરેટર રાજુ ઠાકોર (મુખી)ની ભાજપ મોવડીમંડળ દ્વારા વરણી કરાઈ હતી. ભારે ઉત્તેજના, સ્પર્ધા અને અનેક અટકળો વચ્ચે ભાજપ મોવડીમંડળ દ્વારા નામો જાહેર કરાતાં અમ્યુકોના નવા હોદ્દેદારોના સસ્પેન્સનો અંત આવ્યો હતો.

ભાજપ મોવડીમંડળ દ્વારા જૂની ટર્મના રિક્રિએશનલ કમિટીના ચેરપર્સન બીજલબહેન પટેલની મહિલા મેયર પદે પસંદગી કરાતાં તેઓ આજની સામાન્ય સભામાં યોજાયેલી ચૂંટણીમાં કોંગ્રેસના મેયરપદનાં ઉમેદવાર અને લાંભા વોર્ડના કોર્પોરેટર પલકબહેન પટેલને બહુમતીના આધારે હરાવીને વિજેતા જાહેર થયાં હતાં. જ્યારે ડેપ્યુટી મેયરની ચૂંટણીમાં સૈજપુર બોઘાના કોર્પોરેટર દિનેશ મકવાણાએ કોંગ્રેસના ડેપ્યુટી મેયરપદના ઉમેદવાર અને અમરાઈવાડીના કોર્પોરેટર બળદેવ દેસાઈને હરાવ્યા હતા.

સુરત મેયરપદે ડો.જગદીશ પટેલ

સુરત મહાનગરપાલિકામાં ફરી સૌરાષ્ટ્રવાસીઓનો દબદબો જોવા મળ્યો છે. સુરત મહાનગરપાલિકામાં મેયર પદે ડો. જગદીશ પટેલની વરણી કરવામાં આવી છે. ડો. જગદીશ પટેલ મૂળ સૌરાષ્ટ્રના છે અને છેલ્લા ૫૫ વર્ષથી સુરતમાં સ્થાયી છે. જ્યારે પૂર્વ મેયર અસ્મિતા સિરોયા પણ સૌરાષ્ટ્રના જ હતા. સુરતીઓના ફાળે ફરીથી સ્થાયી સમિતિ આવી છે. જ્યારે સુરતના મેયર તરીકે ભૂપેન્દ્ર સોલંકીના નામની દરખાસ્ત મૂકવામાં આવી હતી. કોંગ્રેસની દરખાસ્ત ૩૫ વિરુધ્ધ ૭૪ મતે રદ્દ થઈ હતી. મેયર તરીકે ડો. જગદીશ પટેલે વિધિવત પદભાર સંભાળ્યો હતો. આમ સુરતના મેયર તરીકે જગદીશ પટેલની વરણી કરવામાં આવી હતી, જ્યારે ડે. મેયર તરીકે નિરવ શાહનું નામ જાહેર કરવામાં આવ્યું હતુ. જ્યારે શાસક પક્ષના નેતા તરીકે ગિરજાશંકર મિશ્રા અને મનપાના દંડક તરીકે દક્ષાબેન ઝરીવાલાની નિમણૂક કરવામાં આવી હતી. ભાવનગરમાં મનપામાં પણ હોદ્દેદારોની જાહેરાત કરાઈ હતી. જેમાં મેયર પદનું નામ જાહેર કરવામાં આવ્યું હતું. ભાવનગરના મેયર તરીકે મનહર મોરીની વરણી કરાઈ હતી. ઉલ્લેખનીય છે કે મનહર મોરી ભાવનગરના ૩૦માં મેયર બન્યાં છે. ડે. મેયર તરીકે અશોક બારેયાની વરણી કરવામાં આવી હતી. જ્યારે મનપાના દંડક તરીકે પરેશ પંડયાનું નામ જાહેર કરવામાં આવ્યું હતું. આમ, આજે અમદાવાદની સાથે સાથે સુરત અને ભાવનગરના મેયર સહિતના હોદ્દેદારોના નામો જાહેર કરવાની કવાયત ભાજપ મોવડીમંડળ દ્વારા સંપન્ન કરવામાં આવી હતી.

ચાકુની અણીએ અપહરણ કરી લીધા બાદ યુવકને માર મરાયો

એલિસબ્રિજના કોચરબ ગામમાં રહેતા એક યુવકનું સામાન્ય અકસ્માતના ઝઘડામાં ત્રણ શખસોએ અદાવત રાખી ચપ્પાની અણીએ અપહરણ કરી તેને એસજી હાઈવે પર ઝાયડસ હોસ્પિટલ પાછળ અવાવરું જગ્યાએ લઈ જઈ ઢોર માર માર્યાની ઘટના પ્રકાશમાં આવતાં ભારે ચકચાર મચી ગઈ છે. યુવકની ફરિયાદના આધારે પાલડી પોલીસ હરકતમાં આવી હતી અને હાથ ધરેલી સઘન તપાસમાં એક અપહરણકર્તાને ઝડપી લીધો હતો. જો કે, હજુ આ પ્રકરણમાં ત્રણ આરોપીઓ ફરાર છે. પોલીસે તેમને પકડવાના ચક્રો પણ ગતિમાન કર્યા છે. આ અંગેની વિગત એવી છે કે એલિસબ્રિજના કોચરબ ગામમાં આવેલા પટેલ વાસમાં કેવન પટેલ (ઉ.વ.૨૯) તેના પરિવાર સાથે રહે છે. ગઈકાલે રાતે કેવન પોતાનું એક્ટિવા લઈ મલાવ તળાવ પાસે આવેલા અંબાજી માતાજીનાં મંદિરે દર્શન કરવા ગયો હતો. દર્શન કરી પરત આવતો હતો ત્યારે પાલડી વિકાસગૃહ રોડ પર પાછળથી એક એક્ટિવા ચાલકે કેવનના એક્ટિવાને ટક્કર મારી હતી. જેથી તેને જોઈને એક્ટિવા ચલાવો તેમ કહ્યું હતું. એક્ટિવાચાલકની પાછળ બેઠેલા એક યુવકે ઊતરી અને કેવનને લાફો મારી દીધો હતો અને બોલાચાલી કરી હતી. દરમ્યાનમાં સ્કોર્પિયો કાર લઈને એક શખ્સ આવ્યો હતો. કેમ ઝઘડા કરો છો? ચાલો પોલીસ સ્ટેશન તેમ કહી એક્ટિવા પર આવેલા બંને શખ્સ અને કેવન ગાડીમાં બેસી ગયા હતા. દરમ્યાનમાં કાર ધરણીધર તરફ જતાં કેવને પોલીસ સ્ટેશન જતું રહયું કહેતાં એક્ટિવા પર આવેલા બેમાંથી એક શખસે ચાકુ બતાવી ચુપચાપ બેસી રહેવા જણાવ્યું હતું. કેવનને ઝાયડસ હોસ્પિટલ પાછળ અવાવરું જગ્યાએ લઈ જઈ ત્રણેય શખસોએ લાકડી વડે ઢોર માર માર્યો હતો.

આયુષ્યમાન ભારત યોજના... ● ત્રીજા પાનાનું ચાલુ

ખાનગી અથવા સરકારી હોસ્પિટલોમાં વિનામૂલ્યે સારવાર લઈ શકે છે. અને આવી સારવાર પાછળ રાજ્ય સરકાર દર વર્ષે રૂ.૬૫૦ કરોડથી રૂ. ૭૦૦ કરોડનો ખર્ચ કરી રહી છે. કોઈ પરિવારમાં સીનીયર સીટીઝન હોય તો રૂ. ૬ લાખની મર્યાદિત આવકવાળા પરિવારોને પણ આવરી લેવામાં આવ્યા છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

ભારત સરકારની 'આયુષ્યમાન ભારત-નેશનલ હેલ્થ પ્રોટેકશન મિશન' યોજનાની નીચે સમગ્ર દેશના ૫૫ કરોડ લોકોને આવરી લેવાની યોજના છે તે અંગ સૂચન કરતાં પટેલે કહ્યું હતું કે આ યોજના હેઠળ ઈન્સ્યોરન્સ માટે યોગ્ય કાળજી લઈને યોજનાની ડિઝાઈન તૈયાર કરવી જોઈએ, જેથી દર્દીઓને સરળતાથી અને સમયબદ્ધ રીતે સારવાર મળી શકે તેમજ ગેરરીતિ માટે અવકાશ ન રહે.

આજે આયુષ્યમાન ભારત નેશનલ હેલ્થ પ્રોટેકશન મિશનના અમલીકરણ હેઠળ રાજય સરકારે ભારત સરકાર સાથે એક એમ. ઓ. યુ. સાઈન કર્યું હતું. જાહેર આરોગ્ય વિભાગના અગ્ર સચિવ અને હેલ્થ કમિશનર ડૉ.જયંતિ રવિ આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

ભારે વરસાદ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દેશના જુદા જુદા ભાગોમાં મોનસુનની એન્ટ્રી હવે ઝડપથી થઈ રહી છે. બોકાહાટ સબડિવિઝનમાં ભારે વરસાદ બાદ નેશનલ હાઈવે ૩૭ ઉપર પુરના પાણી ફરી વળ્યા છે. આસામના ગોલાઘાટ જિલ્લામાં હાલત કફોડી બનેલી છે. ગુવાહાટી ડિવિઝનમાં પાણીની સપાટી નદીઓમાં વધી રહી છે. આસામના કરીમગંજ જિલ્લામાં પુરગ્રસ્ત લોકોને નૌકાઓ મારફતે સુરક્ષિત ખસેડવામાં આવી રહ્યા છે. જુદા જુદા વિસ્તારમાં ભેખડો ધસી પડવાના બનાવો બન્યા છે. જે ટ્રેનોને રદ કરવામાં આવી છે તેમાં સિલ્ચર ફાસ્ટ પેસેન્જરનો સમાવેશ થાય છે. જો કે, અસરગ્રસ્ત સેક્શનની ઉપર કોઈપણ પેસેન્જર ટ્રેન સેવા ખોરવાઈ નથી. આસામમાં પુરના કારણે કેટલું નુકસાન થયું છે તે અંગે હજુ આંકડા એકત્રિત કરવામાં આવ્યા નથી પરંતુ અધિકારીઓ બચાવ અને રાહત કામગીરી ઉપર નજર રાખી રહ્યા છે. બીજી બાજુ દિલ્હીમાં પ્રદૂષણના કારણે લોકો ત્રાહિમામ પોકારી ગયા છે ત્યારે પંજાબના મોટાભાગના વિસ્તારોમાં ધૂળ ભરેલી આંધી ચાલી રહી છે. રાજસ્થાનમાં પણ ધૂળ ભરેલી આંધી ચાલી રહી છે. દિલ્હી અને એનસીઆરમાં ધૂળ ભરેલી આંધીના કારણે વિજિબિલીટી ઉપર અસર થઈ છે. નોઈડામાં હાલત વધારે ખરાબ રહી હતી. બીજી બાજુ દિલ્હીમાં ખરાબ હવામાનને ધ્યાનમાં લઈને એલજીએ માર્ગો ઉપર છંટકાવ કરવા અને રવિવાર સુધી તમામ નિર્માણ કામગીરી ઉપર પ્રતિબંધ મુકવાનો આદેશ કર્યો છે. હરિયાણામાં પણ ગુરુવાર સાંજથી તમામ નિર્માણ કામને રોકી દેવામાં આવ્યા છે.

જથ્થાબંધ ફુગાવો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વધારાના અનુસંધાનમાં સ્થાનિક ફ્યુઅલની કિંમતમાં વધારો થયો છે. બટાકાના ફુગાવામાં એપ્રિલમાં ૬૭.૭૪ ટકાની સામે ૮૧.૯૩ ટકા રહ્યો છે જ્યારે ફળફળાદીમાં ભાવ વધારો બે આંકડામાં રહ્યો છે અને આ ફુગાવો ૧૫.૪૦ ટકા નોંધાયો છે. કઠોળમાં ૨૧.૧૩ ટકાનો ઘટાડો નોંધાયો છે. માર્ચ મહિના માટેનો ડબલ્યુપીઆઈ ફુગાવો ઓછો હતો. મેમાં ફુગાવો ૧૪ મહિનાની ઉંચી સપાટીએ પહોંચ્યો છે. અગાઉ માર્ચ ૨૦૧૭માં ડબલ્યુપીઆઈ ફુગાવો ૫.૧૧ ટકા રહ્યો હતો. આ નાણાંકીય વર્ષમાં તેની બીજી પોલિસી સમીક્ષામાં રિઝર્વ બેંકે આ મહિનાની શરૂઆતમાં વ્યાજદરમાં ૦.૨૫ ટકાનો વધારો કર્યો હતો જે ચાર વર્ષના ગાળામાં સૌથી વધુ વધારો છે. આ સપ્તાહમાં જારી કરવામાં આવેલા ડેટા દર્શાવે છે કે, રિટેલ ફુગાવો મે મહિનામાં ૪.૮૭ ટકા રહ્યો હતો જે ચાર મહિનાની ઉંચી સપાટી છે. ફળફળાદી, શાકભાજી, ફ્યુઅલની કિંમતમાં ઉલ્લેખનીય વધારો થયો હતો. આરબીઆઈ દ્વારા રિટેલ ફુગાવાના આંકડાને પણ ધ્યાનમાં લેવામાં આવ્યા છે.

મોનિટરી પોલીસ નક્કી કરતી વેળા તમામ બાબતો ધ્યાનમાં લેવામાં આવી હતી જેમાં સ્થાનિક કિંમતમાં વધારો અને ફૂડની વધતી કિંમતોનો સમાવેશ થાય છે. ભારતમાં વર્તમાન ખાતાકીય ખાધનો આંકડો વધીને ૧૩ અબજ ડોલર સુધી પહોંચી ગયો છે. ચોથા અને અંતિમ ત્રિમાસિક ગાળામાં જીડીપી અથવા તો ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટનો આંકડો જારી કરવામાં આવી ચુક્યો છે. સંપૂર્ણ નાણાંકીય વર્ષ માટે ડેફિસિટનો આંકડો જીડીપીના ૧.૯ ટકા થયો છે જે ૨૦૧૬-૧૭માં ૦.૬ ટકા હતો.

સમસ્યાનો ઉકેલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આત્મવિશ્વાસ તમામ બાબતોનો નિકાલ કરશે. એનડીએ સરકાર અને છત્તીસગઢમાં રમણસિંહના નેતૃત્વમાં ભાજપ સરકાર આત્મવિશ્વાસ જગાવવાના પ્રયાસમાં છે. જનસભા દરમિયાન મોદીએ કહ્યું હતું કે, ભિલાઈમાં સ્ટીલ પ્લાન્ટનું વિસ્તરણ થયું છે. જગદલપુર એરપોર્ટ અને નવા રાયપુર કમાન્ડ સેન્ટરનું લોકાર્પણ થયું છે. ભિલાઈમાં આઈઆઈટી કેમ્પસના નિર્માણ અને રાજ્યમાં ભારત નેટ ફેઝ-૨નું કામ શરૂ થયું છે. ૨૨૦૦૦ કરોડથી વધુની યોજનાઓની ભેંટ છત્તીસગઢને મળી છે. મોદીએ ભિલાઈમાં ૧૧૦૦ કરોડના ખર્ચથી આઈઆઈટી કેમ્પસની આધારશીલા મુકી હતી.

તેમણે દાવા સાથે કહ્યું હતું કે, ગઈ વખતે જ્યારે તેઓ બાબા સાહેબની જયંતિ ઉપર આવ્યો હતો ત્યારે ભારત નેટ ફેઝ૧ની શરૂઆત થઈ હતી હવે બેની શરૂઆત થઈ રહી છે. હજુ સુધી ૪૦૦૦ પંચાયતોને ઈન્ટરનેટ માધ્યમથી જોડવામાં આવી છે. બાકીની છ હજાર પંચાયતોને આગામી વર્ષ સુધી ઈન્ટરનેટ પહોંચી જશે. તેમણે ઉમેર્યું હતું કે, સ્ટીલ પ્લાન્ટ લાગવાથી છત્તીસગઢમાં વિકાસ થશે. ટેકનોલોજી સાથે લોકોને જેટલી જોડવામાં આવે તેટલો ફાયદો થશે. ડિજિટલ ઈન્ડિયાને પ્રોત્સાહન અપાઈ રહ્યું છે. છત્તીસગઢ સરકારઆ દિશામાં સક્રિય બનેલી છે. વડાપ્રધાને આ ગાળા દરમિયાન કોંગ્રેસ ઉપર પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે, અગાઉની સરકારો માર્ગો બનાવવામાં પાછળ હતી જ્યારે આજે નવા વિમાની મથકોનું નિર્માણ થઈ રહ્યું છે.

જગદલપુરમાં એક શાનદાર વિમાની મથક બની ગયું છે. જગદલપુરથી રાયપુર માટેની ફ્લાઈટો શરૂ થઈ ચુકી છે. જગદલપુરથી રાયપુરની યાત્રા હવે છ સાત કલાકના બદલે માત્ર ૪૦ મિનિટની થઈ ગઈ છે. ટ્રેનમાં એસીમાં બેસીને યાત્રા કરતા લોકો હવે વિમાનમાં યાત્રા કરવાનું પસંદ કરી રહ્યા છે. રાયપુરમાં એક દિવસમાં ૫૦થી વધુ ફ્લાઈટો પહોંચી રહી છે. રોજગારીની નવી તકો ઉભી થઈ રહી છે. નવા રાયપુરનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, નવું રાયપુર શહેર દેશના પ્રથમ ગ્રીનફિલ્ડ સ્માર્ટ સિટી તરીકે છે. ઈન્ટીગ્રેટેડ કમાન્ડ સેન્ટરનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે જેનાથી ફાયદો થશે.

હા, સાહેબ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

"હા એ તો રાજકીય પક્ષ છે એટલે હોય જ ને, અમારો હોય કે તમારો હોય સેવા સમાજ ઓછો ચાલે છે, અહીં તો મહત્વકાંક્ષાથી ઉભરાતા કાર્યકરો જ જોડાય છે એટલે આવુ તો રહેવાનું જ."

"સાહેબ, મહત્વકાંક્ષા માનવ માત્રમાં હોય... પણ રાક્ષસી સ્વરૂપે ન હોવી જોઈએ. સૌમ્ય સ્વરૂપે હોવી જોઈએ. દરેકને ગતિ કરવી ગમે છે. દરેક પ્રગતિ ઈચ્છે છે, પણ બીજાને પાડીને નહી, બીજાને પછાડીને નહીં..."

"તમે દોષ એકલા રાજકારણને શા માટે આપો છો. સમાજના તમામ અંગોમાં આ સડો ઉધાઈની જેમ પ્રસરી રહ્યો છે. ખોખલો કરી નાંખ્યો છે ખોખલો સમાજને, માત્ર ઔપચારિકતાઓ રહી છે... બાકી પકડા પકડી, હુંસાતુંસી, પાડવાની ને પછાડવાની પ્રવૃત્તિ ક્યાંય ખાનગીમાં તો ક્યાંય જાહેરમાં વકરતી રહી છે, વિસ્તરતી રહી છે."

"તદ્દન સાચી વાત છે સાહેબ, વરસાદના વિલંબથી લાગતા બફારાં કરતા, ઈર્ષા, દ